ભરતી જાહેરાતની વિગતો

ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલીત

શ્રી સી. પી . ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન. રાજપીપળા

વેબસાઇટ: **www.cpdcpe.org**

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા તા. 22/09/2026 ના પત્રથી મળેલ **જૂનિયર ક્લાર્ક**, તા. 13/10/2026 **લેબ. આસિસ્ટન્ટ** ની એન.ઓ.સી. અન્વયે, વેબસાઈટ પર મુકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી મંડળના ઉપરોક્ત સરનામે દિન ૧૫ માં ફક્ત સ્પીડ પોસ્ટ/RPAD થી રજુ કરવા જણાવવામાં આવે છે.

જૂનિયર ક્લાર્ક/ લેબ આસિસ્ટંટ ભર્તી માટે ની અગત્યની સુચનાઓ

વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત:

- માન્ય યુનિવર્સીટી માંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના નિયમો મુજબ કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

EWS ના ઉમેદવારોએ જાતિનો દાખલો તથા નોન-ક્રિમિલેયરનું પ્રમાણપત્ર બિડાણ કરવાનું રહેશે (અરજી કર્યા તારીખના રોજ માન્ય હોવું જોઇએ).

આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.

પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઇ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહી.

હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.

અધુરા વિગતોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.

ઉમેદવારે જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.

સદર ભરતી પ્રક્રીયા અનવ્યે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ વારા નક્કી કરલ ભરતીનાં નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવામાં આવશે.

વય મર્યાદા:

ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે, પરંતુ તેમને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

વયમર્યાદામાં છૂટછાટ:

કેટેગરી છૂટછાટ મહત્તમ વયમર્યાદા

- સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને ૫ વર્ષ મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારશ્રીના નિયમોનુસાર છૂટછાટ મળશે.
- અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારશ્રીના નિયમોનુસાર છૂટછાટ મળશે.
- આર્થિક રીતે નબળા વર્ગ ના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારશ્રીના નિયમોનુસાર છૂટછાટ મળશે.
- અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) ૧૦ વર્ષ મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
- સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
- સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) ૧૫ વર્ષ મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
- અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) ૨૦ વર્ષ મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ
- માજી સૈનિક ઉમેદવારો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારશ્રીના નિયમોનુસાર છૂટછાટ મળશે.

કોમ્પ્યુટરની જાણકારી:

- ઉમેદવાર રાજ્ય સરકારના ઠરાવ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ.
- અથવા, ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય ગણાશે.
- જે ઉમેદવારો આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા હોય, તેઓ પણ અરજી કરી શકશે, પરંતુ તેમણે નિમણૂંક મેળવતાં પહેલાં કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર અચૂક રજૂ કરવાનું રહેશે

પરીક્ષા પદ્ધતિ

ભાગ -૧ સામાન્ય પ્રારંભિક પરિક્ષા (જુનિયર ક્લાર્ક)

ક્રમ	વિષય	ગુણ	સમય
૧	English	15 ગુણ	120 મિનિટ
૨	Gujarati	15 ગુણ	
3	General awareness and current Affairs	30 ગુણ	
૪	Quantitive aptitude	30 ગુણ	
5	Reasoning	60 ગુણ	
		કુલ 150 ગુણ	

- હેતુલક્ષિ (વૈકલ્પિક) પ્રકારની લેખત કસોટમાં, બહુવિધ પસંદગી પ્રશનો (MCQ)નો સમાવેશ થશે.
- દરેક પ્રશન ૧ ગુણનો રહશે.
- ઉમેદવાર તમામ પ્રશનો જવાબ આપવાના રહશે.
- નકારાત્મક ગુણ: ખોટા જવાબ માટે ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

- નોન એટેમ્ટેડ વિકલ્પ: દરેક પ્રશ્નમાં 'પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્ટેડ)' નો વિકલ્પ રહેશે, જે પસંદ કરવાથી નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.
- અશકત(દિવ્યાંગ) વર્ગ સાથે સંબન્ધિત્ હોય તેવા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્ંપત્રના દરેક કલાક માટ કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.
- ઉમેદવાર માં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ વિકલ્પ પસંદ કર્યુ ન હોય, તો તેના ૦.૨૫ નકારામક ગુણ રહશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્કિનિગ ટેસ્ટ માટે છે અને તેના ગુણ આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
- મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરિક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વ્યેની શૈક્ષણીક લાયકાત, વયમયાદા તેમજ અન્ય જરુરી લાયકાત સંતોષે છે તેમ માનીનેમુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

ભાગ-૨ - મુખ્ય પરીક્ષા (જુનિયર કલાર્ક)

ક્રમ	વિષય	ગુણ	સમય
1	Indian state system and constitution	20 ગુણ	120 મિનિટ
2	Indian Economy, state Economy, NITI Aayog	20 ગુણ	
3	Public Administration and Governance	20 ગુણ	
4	Discipline and Ethics in Public Service	10 ગુણ	
5	Information on various Government Schemes	30 ગુણ	
6	Regional, National and International important events including Current Affairs	30 ગુણ	
7	History and Geography of Gujarat	20 ગુણ	
8	Cultural Heritage of Gujarat (Arts and Literature)	10 ગુણ	
9	Gujarati and English	20 ગુણ	
10	Science, Environment and Information Technology	20 ગુણ	
		કુલ 200 ગુણ	

- હેતુલક્ષિ (વૈકલ્પિક્) પ્રકારની લેખત કસોટમાં, બહુવિધ પસંદગી પ્રશનો (MCQ)નો સમાવેશ થશે.
- દરેક પ્રશન ૧ ગુણનો રહશે.
- ઉમેદવાર તમામ પ્રશનો જવાબ આપવાના રહશે.
- નકારાત્મક ગુણ: ખોટા જવાબ માટે ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
- નોન એટેમ્ટેડ વિકલ્પ: દરેક પ્રશ્નમાં 'પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્ટેડ)' નો વિકલ્પ રહેશે, જે પસંદ કરવાથી નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.
- અશકત(દિવ્યાંગ) વર્ગ સાથે સંબન્ધિત્ હોય તેવા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્ંપત્રના દરેક કલાક માટ કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.
- ઉમેદવાર માં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ વિકલ્પ પસંદ કર્યુ ન હોય, તો તેના ૦.૨૫ નકારામક ગુણ રહશે.
- દરેક પ્રશ્નો વિસ્તૃત અભ્યાસક્રમ સરકાર ઠરાવે અને જાહેર કરે તેવો રહશે

પરીક્ષા પદ્ધતિ (લેબ આસિસ્ટંટ)

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ પધ્ધિતથી સ્પધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જગા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પધ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષિણક લાયકાતને સમકક્ષ રહેશે).

પરીક્ષા વિષયવસ્તુ

ક્રમ	**વિષય**	**ગુણ**	**સમય**
ભાગ A			
૧	તાર્કિક કસોટીઓ તથા Data Interpretation	30 ગુણ	**180 મિનિટ**
૨	ગાણિતિક કસોટીઓ	30 ગુણ	
		કુલ 60 ગુણ	
ભાગ B			
1	ભારતનું બંધારણ, વતર્માન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન	**30 ગુણ્**	
2	સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો	**120 ગુણ્**	
		કુલ ગુણ 150	

નોંધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષિણક લાયકાત મુજબ રહેશે.

1. Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.

2. Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

3. સ્પધાર્ભક પરીક્ષાના Part-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માકર્સ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) મેળવીને

કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બેગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે સંસ્થા દ્વારા લાયક(કવોલીફાય) ગણવામાં આવશે.

4. જે તે સંવગર્ની જાહેરાત અન્વયે સંસ્થા ધ્વારા તે સંવગર્ની MCQ પધ્ધિતથી સ્પધાર્ભક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

5. M.C.Q. પધ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માકર્ના 1/4 માર્ક્સ ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કિંગ પધ્ધતિ અપનાવવામાં આવશે.

6. કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

સામાન્ય સૂચનાઓઃ

(૮) સામાન્ય સૂચનાઓઃ

1. ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

2. ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

3. ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે. ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે – **www.cpdcpe.org**. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે.

4. ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ" કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હોય તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

5. સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે. પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

6. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાનો હકદાર રહેશે નહીં. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા માટે ઉમેદવાર યોગ્ય નથી તો તેને બદલી મૂકી શકશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

7. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો-વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

8. આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

9. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તા 17/10/2026

સ્થળ રાજપીપળા.

માન્ મંત્રીશ્રી.
ગુજ્જરાત વ્યાયામ પ્રચારક મંડળ્